સોના (ગોલ્ડ) દ્વારા આપેલ બાંહેધરી સામે ધિરાણ/ઓવરડ્રાફ્ટની સગવડ (ફેલીસીટી) અંગે ડેક્લેરેશન-કમ-શરતો અને નિયમો :

આથી હું નીચે જણાવેલા નિયમો અને શરતોનું પાલન કરવા સંમત થાઉ છું.

૧. આ નમૂનામાં આપવામાં આવેલ બધી જ વિગતો /માહિતી ખરી અને સંપૂર્ણ છે અને કોઈપણ મહત્ત્વની માહિતી છુપાવેલ / પોતાની પાસે રાખેલ નથી. નાણાં ઉછીના લેનાર દ્વારા આપવામાં આવેલ કોઈપણ ભૂલભરેલ વિગતોમાંથી કોઈપણ પરિણામો ઉત્પન્ન થાય તો તેના માટે નાણાં ઉછીના આપનારની કોઈ જવાબદારી રહેશે નહી.

૨. નાણાં ઉછીના આપનાર બાંહેધરી તરીકે (એ) સોનાની ઝવેરાત /દાગીનાઓ કે જેની શુધ્ધતા ૧૮ થી ૨૨ કેરેટ વચ્ચેની હશે અને જેનું ઓછામાં ઓછુ કુલ વજન આપેલ વસ્તુ મુજબ એક ગ્રામ હશે અને (બી) ભારતીય બેંકો દ્વારા આપવામાં આવેલ સોનાના સિક્કાઓને એ શરતે સ્વીકારશે કે સોનાના સિકકાઓનું એકંદરે વજન ૫૦ ગ્રામનું નાણાં ઉછીના આપનાર દ્વારા નાણાં ઉછીના લેનાર નાએ ઉપયોગ કરેલ બધી જ સગવડો સામેનું રહેશે.

૩. નાણાં ઉછીના લેનાર તે સોનાના માલિક અને તેનો કબજો ધરાવે છે કે જે માટે નાણાં ઉછીના લેનારે ધિરાણ /ઓવરડ્રાફ્ટની સગવડના સમયગાળા દરમ્યાન નાણાં ઉછીના આપનારની તરફેણમાં ગીરો તરીકે તેના પ્રથમ એકલાનો બોજ શરતો મુજબ ઉત્પન્ન કરેલ છે અને નાણાં ઉછીના લેનાર

કે જેણે નમૂના /ફોર્મમાં સહી કરેલ છે તેના સિવાય અન્ય કોઈ વ્યક્તિ/સંસ્થા તે જામીનગીરી માટે માલિકીનો કોઈ હક્ક કરશે નહી.

૪. તે ગીરો મૂકેલ વસ્તુની કિંમતના આધારે કે જેનું વર્ણન મૂલ્યાંકનના અહેવાલમાં નાણાં ઉછીના આપનારની યાદીમાં જણાવેલ મૂલ્યાંકન કરનાર દ્વારા આપવામાં આવેલ છે તેના આધારે નાણાં ઉછીના આપનાર આવા ધિરાણ/ ઓવરડ્રાફ્ટની રકમ નાણાં ઉછીના લેનારાઓની યોગ્યતા અને તેની આંતરિક નીતિ મુજબ આપશે.

૫. ગીરો મૂકેલ વસ્તુઓ (જો કાંઈ હોય,તો) ના ફક્ત સોનાના ભાગને કોઈપણ મૂલ્યાંકનના હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવશે અને નાણાં ઉછીના આપનાર તે પત્થર અથવા હીરો કે જેને ઝવેરાતમાં /દાગીનામાં બેસાડેલ હોય તેની કિંમત કોઈપણ સમયે નુકસાનના બદલામાં ધ્યાનમાં લેશે નહી.

૬. ધિરાણ પછી જો સોનુ બનાવટી અથવા નકલી જણાય અથવા હિસાબની તપાસ દરમ્યાન તે ઓછુ ચોખ્ખુ જણાય અથવા અન્ય રીતે તે ચોરાયેલુ જણાયેલુ જણાય તો નાણાં ઉછીના આપનાર યોગ્ય લાગે તે પ્રમાણે તપાસ અથવા ફોજદારી પગલા લેવાનો હક્ક પોતાની પાસે અબાધિત રાખે છે. આના કારણે નાણાં ઉછીના આપનારને જો કોઈ નુકસાન થશે તો નાણાં ઉછીના લેનાર તે માટે સંપૂર્ણપણે જવાબદાર રહેશે. નાણાં ઉછીના આપનારના બીજા હક્કો તરફ પૂર્વગ્રહ રાખ્યા વગર કોઈપણ જાતના હિસાબની તપાસ દરમ્યાન અથવા અન્ય રીતે એવુ જમાય કે ગીરો મૂકેલ સોનુ તે ઓછી

શુધ્ધતાવાળુ છે અને /અથવા નોંધાયેલ કુલ વજન કરતા ઓછુ છે તે નાણાં ઉછીના આપનાર ઘટતી બાબત અંગે માંગણી કરશે અને નાણાં ઉછીના લેનાર તે આવી ઘટની માંગણી કરેથી તાત્કાલિક ચૂકવવા માટે જવાબદાર રહેશે. નક્કી કરેલ શુધ્ધતા અને કુલ વજન તે કોઈપણ રીન્યુઅલ / ટોપ-અપ માટેની રકમ અને પાત્રતા નક્કી કરવા માટે આખરી અને બંધનકર્તા રહેશે.

૭. નાણાં ઉછીના આપનાર આવી શાખની તપાસ / શાખની સંસ્થાઓની તપાસ /પાશ્વભૂમિકા /રહેઠાણ/કચેરી ની ખરાઈ જાતે અથવા ત્રીજા પક્ષકાર દ્વારા જયારે તેને જરૂરી લાગે તેવા કોઈપણ સમયે કરી શકશે.

૮. નાણાં ઉછીના લેનાર ધિરાણ/ઓવરડ્રાફટની સગવડનો ઉપોગ ફક્ત અરજીના નમૂનામાં જણાવેલ હેતુ માટે કરશે કે જે કાયદેસર છે અને તે તેનો ઉપોગ નીચે જણાવેલ બાબત માટે કરશે નહી

(૧) અન્ય બીજા વાયદાઓ, ગેરકાયદેસર અથવા સમાજવિરોધી હેતુ માટે

(૨) મૂડી બજારમાં રોકાણ માટે અથવા ઈક્વીટી પ્રકારના સાધનોમાં તેમજ જમીન ખરીદવા, સોનુ, સોનાની લગડી, સોનાની ઝવેરાત, સોનાના સિક્કા, ગોલ્ડ એક્સચેઈન્જ ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ) ના યુનિટોમાં તથા ગોલ્ડ મ્યુચ્યુઅલ ફંડના યુનિટોમાં રોકાણ કરવા માટે

૯. નાણાં ઉછીના આપનાર વ્યક્તિ આવી જરૂરી માહિતી /દસ્તાવેજો કોઈપણ

કાયદાકીય, અર્ધ-ન્યાયીક, નિયમન કરનાર સત્તાધીશોને તેની જરૂરિયાત પ્રમાણે જાહેર કરશે. નાણાં ઉછીના લેનાર આવા કિસ્સાઓમાં ગુપ્તતા અને કરારના ખાનગીપણાનો તેનો હક્ક જતો કરે છે.

૧૦. નાણાં ઉછીના આપનાર ધિરાણ /ઓવરડ્રાફ્ટની સગવડની રકમ નાણાં ઉછીના લેનારને ઉચ્ચક રકમ તરીકે એક હપ્તામાં અથવા અન્ય અનુકૂળ હપ્તાઓમાં નાણાં ઉછીના લેનારની જરૂરિયાતને ધ્યાનમાં લઈને ગીરો મૂકેલ સોના સામે અમુક કેટલીક ચોક્કસ રજૂઆતના આધારે આ સગવડમાં જણાવ્યા મુજબ નાણાં ઉછીના લેનારને આપશે.

૧૧. વ્યાજના દરની ગણતરી બાકી રહેલ મૂળ રકમ ઉપર ગણવામાં આવશે કે જે નાણાં ઉછીના લેનાર દ્વારા ચૂકવવામાં આવશે. સૌપ્રથમ વખત ધિરાણ /ઓવરડ્રાફ્ટની સગવડની તારીખથી તેના ઉપર વ્યાજ લેવાનું શરૂ થશે.

૧૨. દંડની રકમનો અર્થ એટલે કે તેની શરૂઆત કોઈપણ રકમ ઉપર થશે કે જે નાણાં ઉછીના લેનાર દ્વારા નાણાં ઉછીના આપનારને આ અરજીના નમૂનામાં જણાવ્યા મુજબ બાકી અને ચૂકવવાપાત્ર છે, પછી ભલે ને તે રકમ લોન /ઓવરડ્રાફ્ટની મૂળ રકમ હોય અથવા તો ચૂકવવાપાત્ર વ્યાજ અથવા અન્ય બીજા લેણાની રકમ હોય અને તેની શરૂઆત કસૂર કર્યાની તારીખથી થશે.

૧૩. આપવામાં આવેલ વ્યાજના દરનો MCLR/૧૦ વર્ષની સરકારી

જામીનગીરીમાંથી થયેલ ઉપજ + લાગુ પડતા માર્જીનની સાથે જોડેલ છે કે જે નાણાં ઉછીના લેનાર દ્વારા નાણાંની વહેંચણી માટે પસંદ કરેલ ઉત્પાદન ઉપર આધાર રાખે છે.

૧૪. નાણાં ઉછીના આપનાર દ્વારા અન્ય રીતે નક્કી કરવામાં આવેલ હોય તો કોઈપણ કિસ્સામાં નાણાં ઉછીના લેનાર દ્વારા રકમ અગાઉથી ચૂકવવામાં આવે કે જ્યારે તે બુલેટ લોન / મંથલી ઈન્ટરેસ્ટ પેમેન્ટ લોન /ઓવરડ્રાફટની સગવડનો ઉપયોગ કરે છે ત્યારે સૌપ્રથમ તેને મૂળ રકમ અને ત્યારપછી વ્યાજ અને ત્યારપછી કોઈપણ ખર્ચાઓ કે જે ગ્રાહક પાસેથી લેણા છે તેની સાથે એડજસ્ટ કરવામાં આવશે અને કોઈપણ કિસ્સામાં લેણી રકમની તારીખ પછી કોઈપણ રકમ ચૂકવવામાં આવશે તો તેને સૌપ્રથમ લેણા વ્યાજ અને ત્યારપછી મૂળ બાકી રકમ અને ત્યારપછી અન્ય બીજા ખર્ચાઓ સાથે એડજસ્ટ કરવામાં આવશે.

૧૫. નાણાં ઉછીના લેનાર અનુક્રમે લેણાની તારીખોએ આ સગવડ હેઠળ ચૂકવવાપાત્ર પૂરેપૂરી રકમ અને બીજી રકમો કોઈપણ જાતના વાંધા, વિરોધ અથવા કસૂર અને કોઈપણ જાતના સામા દાવા અથવા રકમ મજરે આપવાનો દાવો કર્યા વગર અનુક્રમે લેણાની તારીખે લેણી રકમ ચૂકવશે. નાણાં ઉછીના આપનાર દ્વારા નોટીસ, રીમાઈન્ડર અથવા જાણ નાણાં ઉછીના લેનારને નહી કરવાના કિસ્સામાં નાણાં ઉછીના લેનારને ઉપયોગ કરેલ સગવડ માટે તેની વ્યાજની ચૂકવવાની અને અન્ય લેણા ચૂકવવાની તેની જવાબદારીમાંથી તેને બાકાત રાખશે નહી.

૧૬. નાણાં ઉછીના લેનાર લોન /ઓવરડ્રાફ્ટની રકમના લેણા અને બાકી લેણાની ચૂકવણી નાણાં ઉછીના આપનારે જણાવેલ રીત અને સ્થળ મુજબ કે જે નાણાં ઉછીના આપનારની ઓફીસ પણ હોઈ શકે જે પ્રમાણે અને જે સ્થળે નક્કી થયેલ હોય તે મુજબ ચૂકવશે. લેણાનો અર્થ એટલે કે તેમાં મૂળરકમ / વ્યાજ /ખર્ચાઓ કે જે લોનખાતા ઉપર લેવાના છે તેનો સમાવેશ થાય છે અને તેની ચૂકવણી મંજૂર કરેલ પત્રમાં જણાવેલ સમયમાં કરવાની રહે છે અને ઓવરડ્યુ નો અર્થ દંડની રકમ કે જે ઉપયોગ કરેલ સગવડનું લેણુ છે કે જેની ચૂકવણી લેણી તારીખે કરવામાં આવેલ નથી. લોન /ઓવરડ્રાફ્ટની રકમના બધા લેણા અંગે પૂરેપૂરી રકમ ચૂકવાતા/ તેની પતાવટ (સેટલમેન્ટ) થતા નાણાં ઉછીના આપનાર ગીરો મૂકેલ સોનુ નાણાં ઉછીના લેનાર / તેના કાયદેસરના વારસદારોને આવી પૂરેપૂરી રકમની ચૂકવણી તેની પતાવટ (સેટલમેન્ટ) થયાની તારીખથી વધુમાં વધુ કામના ૭ દિવસની અંદર ગીરો મૂકેલ સોનાની ચકાસણી મૂલ્યાંકન સર્ટિફીકેટ સાથે કરીને કરશે.

૧૭. કોઈપણ કારણસર હાલમાં અથવા ભવિષ્યમાં કે જેમાં નાણાં ઉછીના લેનારની કોઈપણ જવાબદારીનો સમાવેશ વ્યક્તિગત રીતે અથવા અન્ય બીજી વ્યક્તિ સાથે જામીનદાર તરીકે થાય છે કે જે નાણાં ઉછીના લેનાર દ્વારા નાણાં ઉછીના આપનારને ચૂકવવાપાત્ર છે તે માટે અહીંયા ઊભી કરેલ જામીનગીરી તે બાકી બીજા બધા નાણાં માટે પણ જામીનગીરી તરીકે ગણાશે. નાણાં ઉછીના આપનાર કોઈપણ સમયે અને નાણાં ઉછીના લેનારને કોઈપણ

જાતની નોટીસ આપ્યા વગર એક અથવા વધારે નાણાં ઉછીના લેનારના ખાતાઓને નાણાં ઉછીના લેનારની કોઈપણ જવાબદારી સાથે જોડશે અને આવા એક કે તેથી વધારે ખાતામાં જમા રહેલ રકમોની પતાવટ /તબદીલી કોઈપણ નાણાં ઉછીના લેનારની જવાબદારી /દેવાના સંતોષ માટે નાણાં ઉછીના આપનારના કોઈપણ ખાતામાં કરશે અથવા તો કોઈપણ રીતે તેની પતાવટ /તબદીલી કરશે પછી ભલે ને આવી જવાબદારીઓ ખરેખર અથવા અનિશ્ચિત હોય.

૧૮. નાણાં ઉછીના લેનારનાએ ગીરો મૂકેલ જામીનગીરી ઉપર નાણાં ઉછીના આપનારને કોઈપણ બેંક અથવા સંસ્થા પાસે કોઈપણ ફરીવાર નાણાની સગવડ અથવા લોન કે જે નાણાં ઉછીના લેનાર નાએ આવી બેંક અથવા સંસ્થા પાસેથી લીધેલ હોય તો તેની તરફેણમાં તેના ઉપર નાણાં ઉછીના આપનારને બોજ ઉત્પન્ન કરવાનો હક્ક રહેશે.

૧૯. નાણાં ઉછીના આપનારને લોનનું હસ્તાંતર / વેચાણ જામીનગીરી સાથે અથવા જામીનગીરી વગર જો કાંઈ હોય, તો તેમ કરવા માટે અને તેને કોઈપણ રીતે તબદીલ કરવા અને /અથવા તેનુ હસ્તાંતર કરવા અથવા અન્ય રીતે તેના બધા હક્કો, માલિકીપણુ અને હિતની તબદીલી અને હસ્તાંતર કરવા માટે પોતાનો હક્ક અબાધિત રાખે છે કે જે નાણાં ઉછીના આપનારને યોગ્ય લાગે અને નાણાં ઉછીના લેનાર એ બાબત અંગે સ્પષ્ટ રીતે આથી સંમત થાય છે કે તેવા કિસ્સામાં નાણાં ઉછીના આપનાર નાને

નાણાં ઉછીના લેનાર પાસેથી કોઈપણ જાતની પરવાનગી મેળવવાની અથવા તેને કોઈ નોટીસ આપવાની જરૂર નથી. નાણાં ઉછીના લેનાર આવી જામીનગીરી અને તેના આવા વેચાણ, હસ્તાંતર અથવા તબદીલીને સ્વીકારશે અને નાણાં ઉછીના લેનાર આવા બીજા પક્ષકારને સંપૂર્ણ રીતે લેણદાર તરીકે અથવા તો નાણાં ઉછીના આપનારની સાથે જોડાયેલ લેણદાર તરીકે અથવા ફક્ત લેણદાર તરીકે નાણાં ઉછીના આપનારની બધી જ સત્તાઓનો ઉપયોગ કરવાનુ આ સાથે અન્ય આવા બીજા પક્ષકાર વતીના હક્કને ચાલુ રાખશે.

૨૦. નાણાં ઉછીના લેનાર એ બાબતની ખાત્રી આપશે કે દરેક સમયે આ સગવડ હેઠળ બાકી રહેલ કુલ રકમ તે મંજૂર કરનાર સગવડના માર્ગદર્શન મુજબ છે અથવા એવા બીજા ટકા મુજબ છે કે જે વખતોવખત નાણાં ઉછીના આપનાર દ્વારા જણાવવામાં આવેલ છે અને જો ગીરો મૂકેલ વસ્તુની કિંમત માર્જીનની જરૂરિયાત કરતા ઓછી હોય તો નાણાં ઉછીના આપનાર વધારાની સિક્યોરીટી આપવા માટે અથવા તો ધિરાણ /ઓવરડ્રાફ્ટની બાકી રહેલ રકમની ચૂકવણી સંપૂર્ણ અથવા અંશતઃ કરવા માટે માંગણી કરશે. નાણાં ઉછીના લેનાર આવી માંગણી થયેથી તરત જ તેનો અમલ કરશે. વધુમાં જો કાંઈ એવા સંજોગો અસ્તિત્વમાં હોય કે જે મહત્ત્વની રીતે નાણાં ઉછીના લેનારની આ સગવડ હેઠળ તેની જવાબદારીઓ પૂર્ણ કરવા માટેની શક્તિને અસર કરે તો નાણાં ઉછીના આપનાર સોનાનું વેચાણ જાહેર હરાજી

કરીને કોઈપણ સમયે કાયદાની પ્રક્રિયાનો અમલ કરીને તે સગવડનો સમયગાળો પૂરો થાય તે પહેલા પણ કરશે.

૨૧. કસૂર કરવાના કિસ્સામાં નાણાં ઉછીના આપનાર કોઈપણ જાતનું કારણ બતાવ્યા વગર અને નાણાં ઉછીના લેનારને લેખિત નોટીસ આપીને ધિરાણ /ઓવરડ્રાફ્ટની ફેસીલીટી સંપૂર્ણ અથવા અંશતઃ રદ કરશે અને તેની બાકી રકમની ચૂકવણી માટે માંગણી કરશે. આવી નોટીસથી બધી જ લેણી રકમો કે જેમાં બાકી રહેલ ધિરાણ /ઉપયોગ કરેલ ઓવરડ્રાફ્ટની સગવડનો વ્યાજ સાથે સમાવેશ થાય છે અને અન્ય બીજા ખર્ચાઓ કે જે તાત્કાલિક નાણાં ઉછીના લેનાર દ્વારા નાણાં ઉછીના આપનારને ચૂકવવાપાત્ર બનશે અને તેમાં નિષ્ફળ જવાથી ગીરો મૂકેલ દાગીનાની હરાજી શરૂ થશે. નીચે જણાવેલ બનાવો આ સગવડ હેઠળ (કસૂરના કિસ્સાઓમાં) ચાલુ રહેશે.

૧. જો ધિરાણ અને/અથવા વ્યાજ અને અન્ય બીજા ખર્ચાઓ, વેરાઓ, કિંમતો કે જે અહીં જણાવેલ શરતો મુજબ ચૂકવવાના છે અને જો તે તેની અનુક્રમે લેણાની તારીખોએ / પાકવાની તારીખે ચૂકવેલા ન હોય. બેંક તાત્કાલિક લોનના ખાતાઓમાં કસૂરનો બનાવ બનેથી તાણની શરૂઆતની તાત્કાલિક મંજૂર તેનું વર્ગીકરણ ખાસ જણાવેલ ખાતા (SMA) તરીકે કરશે. લેણાની તારીખથી અને પાકતી તારીખથી ૩૦ દિવસ સુધીમાં જો લેણુ ચૂકવવામાં ન આવે તો તેનું વર્ગીકરણ ખાસ જણાવેલ ખાતા તરીકે (SMA 0) તરીકે કરવામાં આવશે અને

૩૦ દિવસથી ૬૦ દિવસ સુધીમાં જો લેણી રકમ ચૂકવવામાં ન આવે તો તેનું વર્ગીકરણ (SMA 1) અને ૬૧ થી ૯૦ દિવસની અંદર જો લેણુ ચૂકવવામાં ન આવે તો તેનું (SMA 2) તરીકે કરવામાં આવશે. વધુમાં જો લેણી રકમ ૯૧ દિવસ કે તે પછી ચૂકવવામાં ન આવે તો ગ્રાહક દ્વારા રાખવામાં આવેલ બધા જ ખાતાઓ કે જેમાં લેણુ હોય કે ન હોય તેનું વર્ગીકરણ બિન-કાર્યકારી મિલકત (NPA) તરીકે કરવામાં આવશે.

૨. લોન /ઓવરડ્રાફ્ટની સગવડ માટેના નમૂનામાં જો કોઈપણ કરેલ રજૂઆતો અથવા નિવેદનો અથવા વિગતો ખોટી, ગેરમાર્ગે દોરનાર જણાશે.

૩. નાણાં ઉછીના લેનાર દ્વારા નાણાં ઉછીના આપનારમી તરફેણમાં ગીરો મૂકેલ સોનાની ગુણવત્તા અંગે કોઈપણ પ્રકારનું વ્યવસ્થિત રીતે છળકપટ કરવામાં આવેલ છે તેવુ જ્યારે શોધવામાં આવે ત્યારે,

૪. નાણાં ઉછીના આપનારના વખતોવખત લાગુ પડતા જરૂરી માર્જીન કરતા સોનાની જામીનગીરીની કિંમત બજારકિંમતમાં ફેરફારના કારણે અથવા અન્ય બીજા કારણસર ઓછી જણાય, તો

૫. જો ગીરો મૂકેલ જામીનગીરીની ગુણવત્તા હલકી જણાય અથવા તે વધારે જણાય અને તેનું ચોખ્ખુ વજન નોંધાયેલ વજન કરતા ઓછુ

જણાય ત્યારે (પછી ભલેને આવી જાણકારી હિસાબની તપાસમાંથી અથવા અન્ય રીતે મળે)

૬. નાણાં ઉછીના લેનાર દ્વારા નાદારી, ધંધામાં નિષ્ફળતા, અને દેવાળ ફૂંકવાના બનાવમાં અને એવો બનાવ કે જેમાં એવી વ્યાજબી ધારણા કે ભય ઉત્પન્ન થાય કે નાણાં ઉછીના લેનાર કોઈપણ દેવાળિયાના અથવા નાદારીના કાયદા હેઠળ કાર્યવાહીનો ભોગ બને.

૭. ધિરાણ /ઓવરડ્રાફ્ટની સગવડ માટે નાણાં ઉછીના આપનારની સાથે મૂકેલ અને/અથવા મૂકવામાં આવનાર જામીનગીરી જોખમમાં મૂકાય અથવા તેની અસરકારકતા બંધ થાય

૨૨. કસુરના કિસ્સામાં નાણાં ઉછીના આપનારને નીચે જણાવેલ પગલાઓમાંથી કોઈપણ પગલા લેવાનો હક્ક રહેશે.

(૧) નાણાં ઉછીના લેનારને ધિરાણ /ઓવરડ્રાફ્ટ સગવડની બાકી રકમ તેના ઉપરના વ્યાજ / દંડ સાથે તાત્કિલક ચૂકવવા માટે તથા સગવડની શરતો મુજબ નાણાં ઉછીના લેનાર દ્વારા ચૂકવવાપાત્ર બધી રકમો ચૂકવવા માટે જણાવવુ.

(૨) નાણાં ઉછીના લેનારને બધા જ દાવાઓ, કિંમતો, નુકસાનો અને ખર્ચાઓ વિગેરે કે જે નાણાં ઉછીના આપનાર દ્વારા નાણાં ઉછીના લેનારને કરેલ ધિરાણ /ઓવરડ્રાફ્ટની સગવડ માટે કરેલ કોઈપણ

કાર્ય અથવા કસૂરના પરિણામે કરેલ હોય અને/અથવા બાકી લેણાની વસુલાત માટે (કે જેમાં કાયદાકીય / વકીલની ફીનો સમાવેશ થાય છે) અને /અથવા આપેલ સગવડ હેઠળની કોઈપણ શરતો પૂર્ણ કરવામાં નાણાં ઉછીના લેનારના નિષ્ફળ જવાના કારણે કરેલ હોય તો તે માટે નાણાં ઉછીના લેનારને તે ચૂકવવા માટે જણાવવું.

(૩) હરાજી દ્વારા ખુલ્લા બજારમાં સોનાની જામીનગીરી વેચવી અથવા અન્ય રીતે તેનુ વેચાણ કરવુ કે જે માટે લાગુ પડતા કાયદા હેઠળ પરવાનગી આપેલ હોય. નાણાં ઉછીના આપનાર દ્વારા લાગુ પડતા કાયદાનો અમલ કરીને હરાજી / જાહેરાત અંગે જાહેરનામુ બહાર પાડીને તેમજ આરબીઆઈ દ્વારા વખતોવખત આપવામાં આવેલ માર્ગદર્શિકાઓનો અમલ કરીને તથા નાણાં ઉછીના લેનારને સાત દિવસની લેખિતમાં નોટીસ આપ્યા પછી કે જેને નાણાં ઉછીના લેનાર કરારનો કાયદો, ૧૯૭૨ ની કલમ-૧૭૬ ના હેતુ માટે વ્યાજબી સમય તરીકે કબૂલ રાખે છે તે પ્રમાણે હરાજી કરવી. વધુમાં કોઈપણ કિસ્સામાં જયારે નાણાં ઉછીના લેનારના ખાતાનું વર્ગીકરણ બિન-કાર્યકારી મિલકત (એનપીએ) તરીકે કરવામાં આવે ત્યારે નાણાં ઉછીના આપનાર પૂરતા પ્રમાણમાં અગાઉથી નોટીસ નાણાં ઉછીના લેનાર / કાયદેસરના વારસદારોને આપશે અને જાહેર હરાજીની જાહેરાતની પ્રસિધ્ધિ જાહેર હરાજીની તારીખના ઓછામાં ઓછા ૩૦

દિવસ અગાઉ બે વર્તમાનપત્રોમાં આપશે એટલે કે (૧) અંગ્રેજી વર્તમાનપત્ર અને (૨) શહેર / તાલુકા / જિલ્લામાં પ્રવર્તમાન પ્રાદેશિક ભાષાવાળા વર્તમાનપત્રમાં આપશે કે જ્યાં સોનુ ગીરવે મૂકેલ હતુ. પ્રથમ હરાજી તે જ જિલ્લામાં નાણાં ઉછીના આપનારની શાખા ખાતે કરવામાં આવશે. જો પ્રથમ હરાજી નિષ્ફળ જાય તો ત્યારપછીની હરાજી બાજુના જિલ્લામાં અથવા તો નાણાં ઉછીના આપનારની નીતિ મુજબ મધ્યમાં આવેલ સ્થળે કરવામાં આવશે. હરાજીની નોટીસ તથા તેની વિગતો નાણાં ઉછીના આપનારની શાખાએ પણ પ્રદર્શિત કરવામાં આવશે.

ગીરો મૂકેલ વસ્તુના વેચાણમાંથી જે આવક થશે તેનો ઉપયોગ ધિરાણ /ઓવરડ્રાફ્ટની સગવડ હેઠળ લેણાની ચૂકવણી માટે કરવામાં આવશે. બેંક દ્વારા કરવામાં આવેલ આવા વેચાણ અંગે કોઈપણ રીતે નાણાં ઉછીના લેનાર દ્વારા તકરાર કરી શકાશે નહી અને આવા વેચાણને કારણે નાણાં ઉછીના લેનાર દ્વારા જે કાંઈ નુકસાન થાય તો તે માટે બેંક જવાબદાર રહેશે નહી. એવા કિસ્સામાં જ્યારે પ્રાપ્ત થયેલ આવી આવક લેણા સાથે અધૂરી હોય ત્યારે નાણાં ઉછીના લેનાર ખાધની રકમ પૂરી કરવા માટે વ્યક્તિગત જવાબદાર રહેશે અને વસુલાતમાં થયેલ નુકસાન અંગે વધુ પગલા લેવા નાણાં ઉછીના આપનાર તેનો હક્ક અબાધિત રાખે છે. જો હરાજીની ચોખ્ખી

આવક /ઉપજ નાણાં ઉછીના લેનાર દ્વારા કુલ ચુકવવાપાત્ર લેણાથી વધારે હોય (બધા જ લાગુ પડતા ખર્ચા અને કિંમતો સાથે) ત્યારે વધારાની રકમ નાણાં ઉછીના આપનાર / બેંક દ્વારા નાણાં ઉછીના આપનાર પાસે રહેલ નાણાં ઉછીના લેનારના બેંક ખાતામાં અથવા નાણાં ઉછીના લેનારના અન્ય બીજા બેંક ખાતામાં સંપૂર્ણ હરાજીની ઉપજ મળ્યાની તારીખથી કામના ૭ દિવસની અંદર તબદીલ કરવામાં આવશે. જયારે નાણાં ઉછીના લેનાર નાણાં ઉછીના આપનાર સાથે CASA રાખતા ન હોય ત્યારે કોઈપણ વધારાની રકમ આધાર પેમેન્ટ બ્રીજ સીસ્ટમ દ્વારા નાણાં ઉછીના લેનારની લેખિત વિનંતી /સંમતિથી અને સફળતાપૂર્વક આધારમેપીંગથી અથવા (૧) શરૂઆતની વહેંચણી માટે ઉપયોગમાં લેવાયેલ ખાતામાં અથવા (૨) નાણાં ઉછીના લેનારના બીજા બેંક ખાતામાં તે જમા કરવામાં આવશે કે જે અંગે નાણાં ઉછીના આપનારને લેખિત વિનંતી અથવા બેંક સાથે નાણાં ઉછીના લેનારના રજિસ્ટર્ડ ઈ-મેઈલ આઈડી દ્વારા ઈ-મેઈલથી મોકલેલ હોય (કેવાયસી ની ચકાસણીની શરતે). જો ઈલેકટ્રોનીક્સથી (કે જેમાં NEFT/IPMS/RTGS/ABPS નો સમાવેશ થાય છે) વધારાની રકમ જમા કરવામાં નિષ્ફલ જવાય અથવા કોઈપણ કારણસર તેને નકારવામાં આવે ત્યારે નાણાં ઉછીના આપનાર તે એકાઉન્ટ પેયી ડીમાન્ડ ડ્રાફ્ટની સાથે વેચાણ પછીનો કાગળ નાણાં ઉછીનાને તેના

લોન દસ્તાવેજ / કેવાયસી ના કાગળોને પૂરેપૂરા ઓળખીને તથા તેની ચકાસણી કરીને તેના નોંધાયેલા સરનામે મોકલશે.

૪. બેંક પોતાની મનસૂફી મુજબ કરાર હેઠળ તેના કોઈપણ હક્કો, કાર્યો, સત્તાઓ અથવા ફરજોનો ઉપયોગ જાતે (તેના અધિકારીઓ અથવા કર્મચારીઓ મારફત) અથવા તેણે નીમેલ ત્રીજા પક્ષકાર દ્વારા (કે જેમાં વસુલાત કરનારા દલાલોનો સમાવેશ થાય છે) કરશે. નાણાં ઉછીના લેનાર બેંકને સ્પષ્ટપણે સંમતિ આપે છે અને મંજૂર રાખે છે કે કસૂરના બનાવમાં બેંક પોતે (અધિકારીઓ અથવા કર્મચારીઓ મારફત) અથવા તેણે નીમેલ ત્રીજા પક્ષકાર દ્વારા (કે જેમાં વસુલાત કરનારા દલાલોનો સમાવેશ થાય છે) નાણાં ઉછીના લેનારે બેંકને નાણાં ઉછીના લેનાર / જામીનદારના સંપર્કમાં રહેવા માટે આપેલ માહિતી તથા જામીનદારની માહિતીનો ઉપયોગ કરવા માટે કે જેમાં તેમના અધિકૃત સહી કરનારાઓ /પ્રતિનિધિઓનો તથા કુટુંબના સભ્યોનો સમાવેશ થાય છે અને લોનને લગતી તેમની લાગતી-વળગતી વિગતો જાહેર કરવા માટે તેનો ઉપયોગ કરશે.

૨૩. કોઈપણ નોટીસ (કે જેમાં સોનાની જામીનગીરીના વેચાણની નોટીસનો સમાવેશ થાય છે) તે નાણાં ઉછીના લેનાર / લેનારાઓના સરનામે મોકલવામાં આવશે કે જે અરજીના ફોર્મમાં જણાવેલ છે અને તેને કદાચ આર.પી.એ.ડી. અથવા કુરીયર અથવા હેન્ડ ડીલીવર અથવા ઈ-મેઈલ દ્વારા

અરજીના ફોર્મમાં જણાવેલ ઈ-મેઈલ આઈડી ઉપર મોકલવામાં આવશે. હાથોહાથ નોટીસ આપવાના કિસ્સામાં જે તારીખે નોટીસ આપવામાં આવેલ હોય તે તારીખે તેની બજવણી કરવામાં આવેલ છે તેમ ગણવામાં આવશે અને આર.પી.એ.ડી. અથવા કુરીયર / ટપાલ મારપત નોટીસ મોકલવામાં કિસ્સામાં આવી નોટીસ ટપાલમાં મોકલ્યાના ૦૭ દિવસ પૂરા થતા બજી ગયેલ છે તેમ માનવામાં આવશે અને ઈ-મેઈલના કિસ્સામાં તે મળ્યાનો અહેવાલ પ્રાપ્ત થયેથી નોટીસ બજી ગયેલ છે તેમ ગણવામાં આવશે.

૨૪. આ ફોર્મ /નમૂના (કે જે કરાર બનાવે છે) નું નિયમન અને બધી જ રીતે તેનો અર્થ ભારતમાં રહેલા કાયદાઓ સાથે કરવામાં આવશે અને પક્ષકારો આથી પરસ્પર સંમત થાય છે કે આ નીચે કોઈપણ બાબત અથવા મુદ્દો ઉપસ્થિત થાય અથવા આ નીચે કોઈપણ તકરાર ઉત્પન્ન થાય તો તે માટેનો વિકલ્પ /મનસૂફી નાણાં ઉછીના આપનારની રાજસ્થાનમાં જયપુર ખાતે આવેલ અદાલતોની હકૂમતની શરતે રહેશે. તેમછતાં નાણાં ઉછીના આપનારના કાયદાની કોઈપણ અદાલત અથવા ટ્રિબ્યુનલ કે જેને સક્ષમ હકૂમત છે તેમાં દાવો દાખલ કરવાના / કાર્યવાહી કરવાના હક્ક પૂરતુ મર્યાદિત રહેશે નહી. આ સગવડ હેઠળ નક્કી કરેલ શરતો તે નક્કી કર્યાની તારીખથી પક્ષકારોને બંધનકર્તા રહેશે. જ્યાં સુધી ધિરાણ /ઓવરડ્રાફ્ટની સગવડની રકમ અન્ય કોઈ બીજી લેણી રકમ કે જે નાણાં ઉછીના આપનાર ની લેણી અને તેને ચૂકવવાપાત્ર છે તે પૂરેપૂરી ચૂકવાય નહી ત્યાં સુધી

તેમજ આ સગવડ હેઠળ તથા અન્ય બીજા કરારો / દસ્તાવેજો કે જે પક્ષકારો વચ્ચે આ અંગે કરવામાં આવેલ છે /અસ્તિત્વમાં રહેલા છે તેની પૂરેપૂરી પતાવટ ન થાય સુધી તે સંપૂર્ણ રીતે અમલમાં રહેશે.

૨૫. આ કરારમાંથી ઉત્પન્ન થયેલ કોઈપણ તકરારના નિકાલ /ઉપાય માટે નાણાં ઉછીના આપનાર ઉપાયની રીત કે જે બેંકની તકરારના ઉપાયની નીતિમાં જણાવેલ છે તેમજ જેને બેંકની વેબસાઈટ : www.aubank.in ઉપર અપલોડ કરેલ છે તેનો સ્વીકાર કરશે અને /અથવા નાણાં ઉછીના લેનાર તકરાર નિવારણ કરનાર અધિકારીનો સંપર્ક રીત મુજબ અને આ નીચે આપેલ ઈ-મેઈલ / ફોન નંબર ઉપર કરશે.

૨૬. સંબંધ અંગે ડેક્લેરેશન : નાણાં ઉછીના લેનાર જાહેર કરે છે, ખાત્રી આપે છે અને જણાવે છે કે આ નીચે જણાવ્યા સિવાય નાણાં ઉછીના લેનાર તે સંચાલક નથી તેમજ કોઈપણ સંચાલકના સગા નથી અથવા તેના કોઈપણ સંચાલકો / ભાગીદારો / સભ્યો (જો નાણાં ઉછીના લેનાર કંપની / ભાગીદારી પેઢી હોય તો) તે બેંકના અથવા અન્ય બીજી બેંકોના સંચાલક નથી કે જેમાં શીડ્યુલ્ડ કો-ઓપરેટીવ બેંકો, તાબાની બેંકો, મ્યુચ્યુઅલ ફંડના ટ્રસ્ટીઓ, વેન્ચર કેપીટલ ફંડ્સ નો સમાવેશ થાય છે અને નાણાં ઉછીના લેનાર તે સગા નથી અથવા તેના કોઈપણ સંચાલકો / ભાગીદારો /સભ્યો (જો નાણાં ઉછીના લેનાર કંપની / ભાગીદારી પેઢી હોય તો) બેંકના અથવા અન્ય બીજી બેંકોના સિનીયર અધિકારી નથી. સિનીયર અધિકારીનો અર્થ

એટલે કે બેંકના અધિકારી કે જેને એકસરખો પગાર અધિકારી તરીકે ઉપર જણાવેલ રાષ્ટ્રીયકૃત બેંકમાં વર્ગ-૪ માં સિનીયર વહીવટી સ્તરે આપવામાં આવે છે અથવા સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા અને તેની સાથે જોડાયેલ બેંકોમાં તેના જેટલા જ સરખા પગાર મેળવનાર કોઈપણ અધિકારી તેમજ અન્ય કોઈ બેંકિંગ કંપની કે જેની નોંધણી ભારતમાં થયેલ છે. સગા શબ્દના અર્થમાં નીચે જણાવેલ કોઈપણ એક અથવા બધી વ્યક્તિનો સમાવેશ થાય છે. (એ) સ્પાઉસ (બી) પિતા (સી) માતા (કે જેમાં સાવકી માતાનો સમાવેશ થાય છે.) (ડી) પુત્ર (કે જેમાં સાવકા પુત્રનો સમાવેશ થાય છે.) (ઈ) દીકરાની પત્ની (એફ) દીકરી (કે જેમાં સાવકી દીકરીનો સમાવેશ થાય છે.) (જી) દીકરીના પતિ, (એચ) ભાઈ (કે જેમાં સાવકા ભાઈનો સમાવેશ થાય છે.), (આઈ) ભાઈના પત્ની, (જે) બહેન (કે જેમાં સાવકી બહેનનો સમાવેશ થાય છે.) (કે) બહેનના પતિ , (એલ) સ્પાઉસના ભાઈ (કે જેમાં સાવકા ભાઈનો સમાવેશ થાય છે.), (એમ) સ્પાઉસની બહેન (કે જેમાં સાવકી બહેનનો સમાવેશ થાય છે.). નાણાં ઉછીના લેનાર ઉપર જણાવેલ બાબતો ગંભીરતાપૂર્વક સોગંદ લઈને તેમજ તે ગંભીર રીતે સાચી હોવાનું માનીને તેમજ તે અંગે તેને એવી સંપૂર્ણ જાણકારી છે કે બેંકને તે અંગે વિશ્વાસ અને સાચી માહિતી છે અને તેથી બેંકે સગવડ મંજૂર કરવા માટેનું નક્કી કરેલ છે. નાણાં ઉછીના લેનારે એ બાબત અંગે પણ સંમત થાય છે કે સગવડતા મંજૂર કરવા માટેની એવી શરત છે કે જો ઉપરોક્ત સંદર્ભમાં કરેલ કોઈપણ નિવેદન ખોટુ જણાય તો કોઈપણ સમયે બેંકને સગવડો રદ

કરવાનો હક્ક અને સ્વતંત્રતા રહેશે અથવા નાણાં ઉછીના લેનાર જાહેર કરે છે કે બેંકના અથવા અન્ય બીજી બેંકોના સંચાલકો અને / અથવા સીનીયર અધિકારીઓ સાથે સંબંધ છે કે જે અંગે આ નીચે જણાવેલ છે.

અનુક્રમ નં.	**સંચાલક /સીનીયર અધિકારીનું નામ**	**હોદ્દો**	**સંબંધ**
૧.			

૨૭. બેંક બિનશરતી રીતે લોન ચાલુ હોય તે દરમ્યાન કોઈપણ સમયે મંજૂર કરેલ લોનની નહી ઉપાડેલ / નહી વાપરેલ ભાગની રકમ નાણાં ઉછીના લેનારને કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર કોઈપણ પ્રકારના કારણસર રદ કરવાનો હક્ક અબાધિત રાખે છે.

૨૮. હું /અમો મંજૂર રાખીએ છીએ કે અમોએ સ્વૈચ્છિક રીતે બેંક અથવા તેના પ્રતિનિધિઓમાંથી કોઈપણ જાતની લાલચ, સમજાવટ અથવા ફરજિયાતપણા વગર બેંકની સેવા પૂરી પાડનારાઓ તરફથી વીમા પોલિસી ખરીદવાનો વિકલ્પ સ્વીકારેલ છે. અમો વધુમાં સ્વીકારીએ છીએ કે અમોએ સ્વતંત્ર રીતે વીમા પોલીસીની શરતોનું મૂલ્યાંકન કરેલ છે અને આ વીમો લેવા માટેનો નિર્ણય મારી જરૂરિયાત અંગે કાળજીપૂર્વક વિચારણા કર્યા બાદ લેવામાં આવેલ છે.

૨૯. હું /અમો આથી સમજીએ છીએ, જાહેર કરીએ છીએ, સંમતિ આપીએ છીએ અને બેંકને અમારી વ્યક્તિગત તંદુરસ્તીની વિગતો અને નાણાંકીય માહિતી

કે જે બેંકને આપેલ છે તેનો ઉપયોગ જોખમનો વીમો લેવા માટે કરવા અને તેને ઉપર જણાવેલ માહિતી પોતાની પાસે રાખવાનો હક્ક રહેશે અને વીમા અંગેની સેવાઓ પૂરી પાડવા માટે તેના સેવા આપનારા લોકોને તે આપવા માટે સત્તા આપીએ છીએ.

૩૦. હું /અમો આથી જાહેર કરીએ છીએ કે અમોએ એયુસ્મોલ ફાઈનાન્સ બેંક (માસ્ટર પોલિસી હોલ્ડર) માંથી લોન મેળવેલ છે. તે લોનની સલામતી માટે હું આથી વીમાના કવચનુ હસ્તાંતર કરવા માટે સંમત થાઉ છું કે જે મને ઉપર જણાવેલ માસ્ટર પોલીસીના સંદર્ભમાં આપવામાં આવેલ છે અને વીમાનું પ્રમાણપત્ર માસ્ટર પોલીસીહોલ્ડરની તરફેણમાં બાકી રહેલ લોન પરિશિષ્ટ તરીકે માસ્ટર પોલીસી હોલ્ડર દ્વારા આકસ્મિક બનાવ થવાની તારીખે આપવામાં આવશે. હું આથી સંમત થાઉ છું અને મંજૂર રાખુ છું કે આ હસ્તાંતરણ (સોંપણી) ના અસ્તિત્વ અંગે હું મારા લાભાર્થી/નોમીનીઓને જાણ કરીશ.

ગ્રાહકનું નામ :

રજીસ્ટર્ડ ઓફીસનું સરનામુ :
એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમીટેડ
ઠેકાણું : ૧૯-એ, ધૂલેશ્વર ગાર્ડન, જયપુર,
રાજસ્થાન, ઈન્ડિયા - ૩૦૨૦૦૧.

આ મહત્ત્વની શરતો કે જેને હવે પછી જણાવેલ પક્ષકારો દ્વારા પરિશિષ્ટમાં જણાવેલ સ્થળ અને તારીખના રોજ નક્કી કરવામાં આવેલ છે.

એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમીટેડ તે બેંકનું કામ કરતી કંપની છે કે જેની નોંધણી બેંકીંગ નિયમનના કાયદાની જોગવાઈઓ હેઠળ કરવામાં આવેલી છે અને તેની રજિસ્ટર્ડ ઓફીસ .... ખાતે આવેલ છે અને હવે પછી જેનો ઉલ્લેખ "નાણાં ઉછીના આપનાર" તરીકે કરેલ છે અને "નાણાં ઉછીના આપનાર"ના શબ્દના અર્થમાં સિવાય કે તેના સંદર્ભના અર્થમાં વિસંગતતા ન હોય, તો તેના અનુયાયીઓ, હસ્તાંતર કરનારાઓ, અમલ કરનારાઓ, વહીવટકર્તાઓ, કાયદેસરના વારસદારો અને હિત ધરાવનાર અનુયાયીઓનો સમાવેશ થાય છે કે જેઓ "પ્રથમ પક્ષકાર" ના છે અને "નાણાં ઉછીના લેનાર" ના અર્થમાં વ્યક્તિ / સંસ્થાનો સમાવેશ થશે કે જેના નામનો ઉલ્લેખ નાણાં ઉછીના લેનાર / સહ-નાણાં ઉછીના લેનાર/ જામીન થનાર તરીકે એ દસ્તાવેજમાં કરવામાં આવેલ છે કે જેની સાથે આ ખૂબ જ મહત્ત્વની શરતો તેનો અભિન્ન અંગ ગણાશે (મુખ્ય કરાર) કે જે મંજૂરીના પત્રને લીધે કરવામાં આવેલો / કરવામાં આવેલ છે કે જેની વિગતવાર માહિતી આ નીચે પરિશિષ્ટમાં ("મંજૂરી પત્ર") જણાવવામાં આવેલી છે. "નાણાં ઉછીના લેનાર" અને "નાણાં ઉછીના આપનાર" નો હવે પછી સંયુક્તપણે પક્ષકારો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે અને વ્યક્તિગત રીતે તેનો ઉલ્લેખ "પક્ષકાર" તરીકે કરેલ છે.

૧. હકીકત ધ્યાનમાં લેતા "નાણાં ઉછીના લેનાર" ની ઈચ્છા લોનનો ઉપયોગ કરવાની છે / તેણે લોનનો ઉપયોગ કરેલ છે અથવા તેણે લોન માટે / લોનનો ઉપયોગ કરવા માટે જામીનગીરી પૂરી પાડેલ છે કે જેણે લોનનો ઉપયોગ કરેલો છે અથવા તેણે લોનની સલામતી માટે ગેરંટી પૂરી પાડેલ છે કે જેનો ઉપયોગ લોન લેનાર દ્વારા કરવામાં આવેલ હતો / હવે પછી તે લોનનો ઉપયોગ "નાણાં ઉછીના લેનાર" દ્વારા "નાણાં ઉછીના આપનાર" પાસેથી કરવામાં આવનાર છે. (હવે પછી તેનો ઉલ્લેખ "હેતુ" તરીકે કરેલ છે) અને "નાણાં ઉછીના આપનારે" "નાણાં ઉછીના લેનાર" ને લોન મંજૂર કરેલ છે અને "નાણાં ઉછીના લેનાર" ની તેને લોન મંજૂર કરવાની વિનંતી સ્વીકારવા માટે વિચારણા કરેલ છે.

હકીકત ધ્યાનમાં લેતા "નાણાં ઉછીના લેનાર" ની ઈચ્છા લોનનો ઉપયોગ કરવાની છે / તેણે લોનનો ઉપયોગ કરેલ છે અથવા તેણે લોન માટે / લોનનો ઉપયોગ કરવા માટે જામીનગીરી પૂરી પાડેલ છે કે જેણે લોનનો ઉપયોગ કરેલો છે અથવા તેણે લોનની સલામતી માટે ગેરંટી પૂરી પાડેલ છે અને આમ તેને એ બાબતની જાણ છે કે આ મહત્ત્વની શરતો ઉપર સહીઓ હાલની લવાદની (w.r.t. arbitration) જોગવાઈઓને મુખ્ય કરારમાં નીચે જણાવ્યા પ્રમાણે બદલવા માટેના હેતુ માટે કરવામાં આવેલી છે.

હાલના પક્ષકારો બિનશરતી રીતે સંમત થાય છે અને સ્વીકારે છે કે કોઈપણ બાબતો, સવાલો, મતભેદો અને /અથવા તકરાર, વિવાદ અથવા હક્કદાવો

કે જે મુખ્ય કરારમાંથી ઉત્પન્ન થાય છે અથવા તેને લગતો છે અથવા તેના ભંગ માટે તેનો નિર્ણય / ઉપાય લવાદ અને સુમેળનો કાયદો ૧૯૯૬ (કે જેમાં વખતોવખત સુધારા કર્યા મુજબ) જણાવેલ લવાદની પ્રક્રિયાઓ મારફત કરવામાં આવશે. પક્ષકારો બદલી ન શકાય કે રદ રદ ન કરી શકાય તેવી રીતે પણ સંમત થાય છે કે બધા / કોઈપણ લવાદની પ્રક્રિયાનું સ્થળ જયપુર ખાતે રહેશે અને પક્ષકારોએ લવાદની કાર્યવાહી ઓનલાઈન રીતે ચલાવવા માટે સ્વીકારેલ છે. પક્ષકારો વધુમાં સંમત થાય છે કે લવાદની પ્રક્રિયાઓ કોઈપણ પસંદ કરેલ લવાદ / ઓડીઆર (ઓનલાઈન ડિસ્પ્યુટ રીઝોલ્યુશન) સંસ્થાઓની છત્રછાયા હેઠળ કરવામાં આવશે કે જેનો ઉલ્લેખ આ ખૂબ જ મહત્ત્વની શરતોના પરિશિષ્ટમાં કરેલ છે. કોઈપણ કિસ્સામાં "નાણાં ઉછીના લેનાર" ઓડીઆર (ઓનલાઈન ડિસ્પ્યુટ રીઝોલ્યુશન) ના બદલે લવાદની પ્રક્રિયામાં જાતે હાજર રહેવાનો વિકલ્પ પસંદ કરે ત્યારે તેઓ આ બાબતમાં લેખિત સંદેશાવ્યવહાર પસંદ કરેલ ઓડીઆર (ઓનલાઈન ડિસ્પ્યુટ રીઝોલ્યુશન) ને ઓનલાઈન લવાદ પ્રક્રિયા શરૂ થાય તેના સાત (૦૭) દિવસની અંદર નક્કી કરેલ સ્થળે / લવાદના સ્થળે એટલે કે જયપુર ખાતે મોકલી આપશે.

લવાદ/ઓડીઆર (ઓનલાઈન ડિસ્પ્યુટ રીઝોલ્યુશન) સંસ્થાઓની યાદીની પસંદગી પક્ષકારો દ્વારા ખ્યાલો, પેટા-નિયમો, પ્રક્રિયા અને રીત કે જે તેમના દ્વારા મૂલ્યાંકન કરીને સ્વીકાર્યા પછી પસંદ કરવામાં આવેલ છે અને પક્ષકારો નિઃશંકપણે તેનો અમલ કરવા માટે સંમત થાય છે. લવાદ / ઓડીઆર

(ઓનલાઈન ડિસ્પ્યુટ રીઝોલ્યુશન) સંસ્થાઓ દ્વારા પસંદ કરાયેલ સક્ષમ લવાદ (લવાદો) દ્વારા આપવામાં આવેલ એવોર્ડ આખરી ગણાશે અને મખ્ય કરારના બધા પક્ષકારોને તે બંધનકર્તા રહેશે. "નાણાં ઉછીના લેનાર" વ્યક્તિ બીજા બધા વ્યક્તિગત / ડીજીટલ દસ્તાવેજો ઉપર સહી કરવા માટે સંમત થાય છે કે જેમાં આવા બધા લોનના કરારોનો સમાવેશ થાય છે કે જેમાં મુખ્ય કરાર અને બીજા દસ્તાવેજો કે જે જણાવવામાં આવેલા હોય અને/અથવા "નાણાં ઉછીના આપનાર" દ્વારા તેની મનસૂફી પ્રમાણે ગમે તે સમયે આવી લોનનો ઉપયોગ કરવા માટે જરૂરી હોય.

૨. લોનની સગવડની બીજી શરતોનું નિયમન મુખ્ય કરાર દ્વારા કરવામાં આવશે કે જે વ્યક્તિ રીતે /ડીજીટલી લોન લેનાર દ્વારા કરવામાં આવશે અને લોન લેનારને તે મુખ્ય કરારની શરતો બંધર્કર્તા રહેશે અને આ ખૂબ જ મહત્ત્વની શરતો તે મુખ્ય કરારનો અભિન્ન અંગ ગણાશે.

પરિશિષ્ટ – એ

૧.	અદાલત અને ટ્રિબ્યુનલ એકલાની તરફેણમાં હકૂમતનું સ્થળ	:	જયપુર	
૨.	લવાદની સંસ્થાઓ / ઓનલાઈન તકરારોના નિરાકરણ માટેનું સ્થળ કે જે મધ્યસ્થી / લવાદ અને સુમેળ દ્વારા તકરારનો નિર્ણય કરવા માટે છે.	:	(એ)	નામ : CLRMDR સરનામુ : ડી-૮૭૧, ગ્રાઉન્ડ ફલોર, ન્યુ ફ્રેન્ડઝ કોલોની, ન્યુ દિલ્હી – ૧૧૦૦૨૫ સંપર્ક નંબર : ૯૭૧૭૦૧૨૮૪૫ E-mail ID : info@clrmdr.com
			(બી)	નામ : Resolver (નિર્ણય કરનાર) સરનામુ : ડી-૮૭૧, ગ્રાઉન્ડ ફલોર, ન્યુ ફ્રેન્ડઝ કોલોની, ન્યુ દિલ્હી – ૧૧૦૦૨૫ સંપર્ક નંબર : ૦૧૧-૪૫૧૩૧૪૩૦ E-mail ID : resolver.info@gamil.com
			(સી)	નામ : Easy Solution (સરળાથી ઉકેલ) સરનામુ : જી- ૧૮/૪૧, ગ્રાઉન્ડ ફલોર, સેકટર-૧૫, રોહિણી, ન્યુ દિલ્હી – ૧૧૦૦૮૯ સંપર્ક નંબર : ૯૯૨૧૨૭૧૦૬૨૪ E-mail ID : djrbclegal18@yahoo.com
			(ડી)	નામ : સીનર્જી આર્બીટ્રિશન હબ પ્રાઈવેટ લિમીટેડ સરનામુ : સી-૧૭, એલ.જી.એફ., ફ્રેન્ડઝ કોલોની (ઈસ્ટ), ન્યુ દિલ્હી – ૧૧૦૦૬૫ સંપર્ક નંબર : ૯૯૯૯૯૬૪૭૫૦ E-mail ID : admin@synergyarbitration.com
			(ઈ)	નામ : ન્યાય ૨૪/૭, (ટ્રુથ બીટ વેન્ચર્સ પ્રાઈવેટ લિમીટેડ) સરનામુ : ડી- ૨૬, બીજો માળ, જન પથ,

				શ્યામનગર, યશ બેંકની ઉપર, જયપુર, રાજસ્થાન- ૩૦૨૦૧૯. સંપર્ક નંબર : ૭૭૩૮૩૫૭૪૫૪ E-mail ID : atul.mathur@nyay247.com
૩.	લવાદનું સ્થળ	:	જયારે કેસની કાર્યવાહી વ્યક્તિગત હાજર રહીને કરવામાં આવશે ત્યારે લવાદ માટે ની બેઠક / જગ્યા જયપુર રહેશે. હાઈબ્રીડ અને ઓનલાઈન તકરાર નિવારણ માટેની કાર્યવાહીના કિસ્સામા જયપુરને લવાદના સ્થળ તરીકે ગણવામાં આવશે.	
૪.	લવાદની કાર્યવાહી માટે પસંદ કરેલ ભાષા	:	અંગ્રેજી	
૫.	ઓનલાઈન લવાદ / મધ્યસ્થી દ્વારા કાર્યવાહી ચલાવવા માટે નાણાં ઉછીના લેનાર / જામીનદારના સંકલન કરનારાઓ			

	ધિરાણ લેનાર	રજીસ્ટર્ડ મોબાઈલ નંબર :
		રજીસ્ટર્ડ વોટ્સએપ નંબર :
		રજીસ્ટર્ડ ઈ-મેઈલ આઈડી :
	સહ-ધિરાણ લેનાર (૧)	રજીસ્ટર્ડ મોબાઈલ નંબર :
		રજીસ્ટર્ડ વોટ્સએપ નંબર :
		રજીસ્ટર્ડ ઈ-મેઈલ આઈડી :
	સહ-ધિરાણ લેનાર (૨)	રજીસ્ટર્ડ મોબાઈલ નંબર :
		રજીસ્ટર્ડ વોટ્સએપ નંબર :
		રજીસ્ટર્ડ ઈ-મેઈલ આઈડી :

	જામીનદાર (ગેરંટર) (૧)	રજીસ્ટર્ડ મોબાઈલ નંબર :
		રજીસ્ટર્ડ વોટ્સએપ નંબર :
		રજીસ્ટર્ડ ઈ-મેઈલ આઈડી :
	જામીનદાર (ગેરંટર) (૨)	રજીસ્ટર્ડ મોબાઈલ નંબર :
		રજીસ્ટર્ડ વોટ્સએપ નંબર :
		રજીસ્ટર્ડ ઈ-મેઈલ આઈડી :

નોંધ : નાણાં ઉછીના લેનારાઓ અને બીજા દેવાદારો જો કોઈ હોય તો તેમના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર, રજીસ્ટર્ડ વોટ્સએપ નંબર અને રજીસ્ટર્ડ ઈ-મેઈલ આઈડી માં કોઈપણ જાતનો ફેરફાર થાય તો તે અંગે લેખિતમાં બેંકને જાણ કરવા માટે બાંહેધરી આપે છે. કોઈપણ કિસ્સામાં નાણાં ઉછીના લેનાર /દેવાદારો તેમના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર, રજીસ્ટર્ડ વોટસએપ નંબર અને રજીસ્ટર્ડ ઈ-મેઈલ આઈડીમાં થયેલ કોઈપણ ફેરફાર અંગે બેંકને લેખિતમાં જાણ કરવામાં નિષ્ફળ જાય તો નાણાં ઉછીના આપનારની સાથે તેના રેકર્ડમાં રહેલ આવા સંપર્ક માટેના નંબરો અને ઈ-મેઈલ આઈડી અનુક્રમે પક્ષકારના સંકલન કરનારાઓના ચાલુ રહેશે અને સંકલન કરનારને મોકલવામાં આવેલ કોઈપણ સંદેશાવ્યવહારની કાયદેસર રીતે બજવણી થયેલ છે તેમ ગણવામાં આવશે પછી ભલે ને તેની સોંપણી ન થયા અંગેનો અહેવાલ આવેલ હોય. આવા સંકલન કરનારાઓનો ઉપયોગ કરીને કરવામાં આવેલ કાર્યવાહી કાયદેસરની ગણાશે અને તેના અંત તરીકેનો હુકમ / એવોર્ડ તે તેના પક્ષકારોને બંધનકર્તા રહેશે.